# અમૃત પાણી

## અમૃતપાણી એ શું છે? :

અમૃતપાણી એ વિવિધ પ્રકારના કુદરતી રીતે મળતા ઓર્ગેનિક તત્વો ધરાવતુ ઉચ્ચતમ પ્રવાહી મિશ્રણ છે,જેને આથા પદ્ધતિથી બનાવવામાં આવે છે.

## અમૃતપાણી ખેતીમાં કેવી રીતે મદદરૂપ થાય છે ? :

અમૃતપાણીમાં રહેલા કુદરતી તત્વો  પાકને જેવાકે સૂક્ષ્મ તત્વો, બેકટેરીયા વગેરે કે જે હવામાં રહેલ નાઈટ્રોજનનુ રૂપાંતર કરીને છોડને પુરો પાડે છે, તથા જમીનમાં રહેલ છોડને ઉપયોગી સૂક્ષ્મ તત્વોને સહેલાઈથી ઉપલબ્ધ કરાવે છે. સાથે સાથે જમીનના પીએચ આંકને  સમતોલ કરીને જમીનની ફળદ્રુપતા વધારે છે.

## અમૃતપાણી વાપરવાથી થતા ફાયદાઓ:

- છોડની એકસરખી વૃધ્ધિ કરી વધુ ઉત્પાદન આપે છે.
- ફુલ તથા ફળ ખરી પડતા અટકાવવામાં મદદરૂપ થાય છે.
- છોડને આપેલ રાસાયણિક  ખાતર તથા સૂક્ષ્મ તત્વોના શોષણમાં મદદરૂપ થઈ રાસાયણિખ ખાતરનો ખર્ચ ઘટાડે છે.
- છોડની રોગ પ્રતિકારક શકિતમાં વધારો કરી તે છોડને રોગ સામે રક્ષણ આપે છે.
- નકામા સૂકા ઝાડપાનનું ખાતર બનાવવા માટે વાપરવાથી તેનું ખાતર સ્વરૂપમાં રૂપાંતર થવાની પ્રક્રીયા ઝડપી બનાવે છે.
- અમૃતપાણી ટપક પદ્ધતિ દ્વારા પણ વાપરી શકાય છે.

## અમૃતપાણીને કેવી રીતે વાપરવું :

- વાપરતા પહેલા બોટલને બરાબર હલાવવી.
- પંપમાં નાખીને એકસરખુ દ્રાવણ બનાવવું.
- છોડ પુરે પુરો ભીજાય તે રીતે છંટકાવ કરવો.
- સાંજના સમયે છંટકાવ કરવાથી સારા પરિણામ મળે છે.
- ૧ લીટર પાણીમાં ૧૦ મીલી. અમૃતપાણી મેળવવું અને તેને સરખી રીતે હલાવ્યા બાદ પંપ દ્વારા પાકના પાંદડા પર છંટકાવ કરવો.
- જમીનની માવજત માટે ૧૦ લીટર પાણીમાં એક લિટર અમૃતપાણી મેળવીને એક સરખી રીતે હલાવીને જમીનમાં પાણી સાથે આપવું.
- બિયારણની માવજત માટે પણ આનો ઉપયોગ થઈ શકે છે.
- અમૃતપાણીનો છંટકાવ દર ૧૫ થી ૨૦ દિવસે કરવો.

**શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ વડોદરા સંચાલિત**

**વિવેકાનંદ સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ સર્વિસીસ છોટાઉદેપુર**